વિષયકોડ – DSM - 1 (વર્ણનાત્મક)

ગુજરાતી (મુખ્ય પરીક્ષા)

ગુણ – ૧૦૦ માધ્યમ – ગુજરાતી સમય – ૩ કલાક

પ્રશ્નપત્ર

પ્રશ્ન : ૦૧ :

નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૧૫ ગુણ)

૧.૧ 'સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ, ઇક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શન:'

૧.૨ ભારતના જી.ડી.પી. દરની વૃધ્ધિ માટે આવશ્યક પગલાંઓ

૧.૩ ગુજરાતનું સાંસ્કૃતિક વૈવિધ્ય

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

પ્રશ્ન : ૦૨ :

નીચેનાં બે વિકલ્પોમાંથી કોઇ પણ એક વિકલ્પનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૧૦ ગુણ)

૨.૧ અનેક રૂપે માયા રમે, ત્યાં તેવી જ્યાં જેવું ગમે.
વળી જો કોઈને જ્ઞાન ઊપજે, તો જ્ઞાની થઈને ભેળી ભજે.
જે કર્મ હોય મૂકવા જોગ, અખા તેનો જ પડાવે ભોગ. – અખો ભગત

૨.૨ વેલ ન દીસે, દીસે પાન; દીસે કિરણ, ન દીસે ભાન;
પ્રભા ન દીસે, દીસે તરંગ; ત્યમ ચિદ્ ન દીસે, દીસે અંગ.
અખા દેખણહારો દ્વૈત, ટળતે રહે તે સર્વાતીત. – અખો ભગત

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૩ :

નીચે આપેલ ગદ્યખંડનો (૨૦૩ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૦ ગુણ)

સાહિત્યની સાગરવેળ

*

પ્રજાના નિત્ય વિકસતા જતા વાચનરસનો નવયુગ ઊઘડ્યો છે. ભાતભાતના વાચન-પ્રદેશોની ભૂખ પ્રજામાં ઊઘડી છે. પ્રજાના ઊર્મિતંત્રમાં અનેક સંચા ખોટકાયા છે. તેને ઠેકાણે લાવવા માટે કાવ્યને, ચિત્રને, નૃત્યને પ્રજામાં પ્રતિષ્ઠિત કરવાનાં છે. પેટની ક્ષુધાવૃત્તિની સાથોસાથ પ્રજાની બીજી લાગણીઓ પણ સંતોષવાની છે.

સાહિત્ય એ સમસ્ત લોકપ્રાણને ડોલાવી શકે એવી વસ્તુ છે. વધુમાં વધુ લોકસમૂહને ગમ્ય તેમ જ ભોગ્ય બની રહે એવું તેનું સ્વરૂપ હોવું જોઈએ.

સાહિત્ય એટલે મુંબઇના મહોલ્લાના કોઇ ત્રીજા માળ પર ખરે બપોરે માંડ માંડ દંદુડી પાડતા નળનું પા-અરધી ડોલ પાણી નહિ. સાહિત્યની તો સાગરવેળ: જીવનના વિશાળ ક્ષેત્રને અણુએ અણુએ પ્લાવિત કરી મૂકે, ચોમેર જીવન જીવન ઊછળતું કરી મૂકે એવી સચેતન દશા સાહિત્યની થાય.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

સાહિત્યનો ફાલ ગુજરાતને ગૌરવ અપાવે તેટલો છે.

સાહિત્યની અભિરુચિ કેળવી શકાય છે. સાહિત્યના સારા-નરસાપણાની નાજુક સમજશક્તિનું પ્રજામાં ઘડતર કરવા માટે સારા સાહિત્ય પ્રત્યે નિર્દેશ કરતા રહેવો ઘટે છે. નવા યુગની ભાવનાઓ સંતોષતી કૃતિઓ જ્યાં મળે, તે લોકોને સુપ્રાપ્ય બનાવવાની છે. સાહિત્ય-સર્જનોને કડક તુલા પર ચડાવનારા, પ્રચારકવેડાથી મુક્ત કલાપારખુઓ હોય તો મૂલ્યાંકન સ્વચ્છ બને. કલાની પરીક્ષા એ હોવી જોઈએ કે લાગણીની સચ્ચાઈ શામાં છે? રસનું ચિરગુંજન શામાં છે? જીવન પર માર્મિક પ્રકાશ નાખતી દૃષ્ટિ શામાં છે?

તમે જેનું વાચન કરો તેના ઊર્મિ-સંવેદનો સ્થિર દીપક તમારા દિલમાં બળ્યા કરે, એ દીપકની જ્યોત ભડક ભડક ન થાય – તે સ્થિતિ સાચા વાચનરસની છે.

'પરિભ્રમણ'માંથી – ઝવેરચંદ મેઘાણી

પ્રશ્ન : ૦૪ :

મેળવેલ ગુણ / OBTAINED MARKS

ફુલ ગુણ / TOTAL MARKS: 10

નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૫ પ્રશ્નો × ૨ ગુણ) (૧૦ ગુણ)

બે ચાંચવાળું ભારંડ પક્ષી

*

કોઈ એક સરોવરમાં એક ઉદર અને ભિન્ન ગ્રીવાવાળો ભારંડ નામે પક્ષી રહેતો હતો. સમુદ્રના તીરે પરિભ્રમણ કરતાં તેને તરંગોથી ખેંચાઈ આવેલું અમૃત સમાન ફળ મળ્યું. તે ખાતાં ખાતાં એ બોલ્યો, 'અહો! સમુદ્રના તરંગોથી ખેંચાઈ આવેલાં ઘણાં અમૃત સમાન ફળ મેં ખાધાં છે, પણ આ સ્વાદ તો અપૂર્વ છે. તો શું પારિજાત અથવા હરિચંદનના વૃક્ષમાંથી એ ઉત્પન્ન થયેલું હશે કે કોઈ અમૃતમય ફળ અવ્યક્ત વિધિવશાત અહીં આવી પડ્યું હશે'? એ પ્રમાણે તે બોલતો હતો ત્યાં બીજા મુખે કહ્યું, 'અરે જો એમ હોય તો મને પણ એમાંથી થોડુંક આપ, જેથી હું જીભનું સુખ અનુભવું! એટલે પહેલા મુખે હસીને કહ્યું, 'પણ આપણું ઉદર એક છે, એટલે તૃપ્તિ પણ સમાન થશે. પછી જુદું જુદું ખાવાથી શું? આ બાકી રહેલા ફળથી પ્રિયાને સંતોષ આપીએ તો સારું! એમ કહીને બાકી રહેલું ફળ તેણે ભારંડીને આપ્યું, તે પણ તેનો આસ્વાદ કરીને અતિશય હર્ષ પામીને આલિંગન, ચુંબન આદિ સંભાવના તથા અનેક પ્રકારના હાવભાવ કરવા લાગી. તે દિવસે જ બીજું મુખ ઉદ્વેગ અને વિષાદવાળું રહેવા લાગ્યું.

હવે, એક દિવસે બીજા મુખને વિષફળ પ્રાપ્ત થયું. તે જોઈને તેણે પહેલાને કહ્યું, 'હે નિર્દય! પુરુષાધમ! નિરપેક્ષ! મને વિષફળ મળ્યું છે. તેં કરેલા અપમાનને કારણે તે હું ખાઉં છું! પેલા મુખે કહ્યું, 'મૂર્ખ! એમ ન કર. એમ કરવાથી બન્નેયનો વિનાશ થશે! એમ કહેતામાં તો તેણે અપમાનને કારણે ફળ ખાધું. વધારે શું કહેવું? બન્નેય નાશ પામ્યાં.

- 'પંચતંત્ર'માંથી

*

૪.૧ પ્રથમ મુખે અમૃતફળ બીજા મુખને શા માટે નહીં આપ્યું હોય?

૪.૨ બીજા મુખે વિષફળ શા માટે ખાધું?

૪.3 પ્રથમ મુખ અને બીજા મુખ વચ્ચેના સંબંધને વર્ણવો.

૪.૪ ભારંડ વાર્તાને અંતે મૃત્યુ પામે છે. આ માટે તમે કઈ બાબતોને જવાબદાર ગણશો?

૪.૫ આ વાર્તામાંથી તમે કયો સંદેશ લેવા ઇચ્છો છો?

પ્રશ્ન : ૦૫ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ગુજરાતમાં હેરિટેજ ટુરિઝમ પોલિસી જાહેર કરવામાં આવી છે. આ અંગે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું નિવેદન તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૬ : (આશરે ૧૦૦ શબ્દો) (૦૫ ગુણ)

ભારતમાં માતૃભાષાઓના સંરક્ષણ અને સંવર્ધન અંગે સાંપ્રત સમયને ધ્યાનમાં રાખીને તમે ચિંતિત છો. આ પરિસ્થિતિના નિવારણ માટે તમારાં સૂચનો વર્ણવતો અંગત પત્ર વડાપ્રધાનશ્રીને સંબોધીને તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 5

પ્રશ્ન : ૦૭ : (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

પર્યાવરણ સંરક્ષણ માટે સમૂહમાધ્યમો કઈ રીતે સક્રિય બની યોગદાન આપી શકે? – આ વિષય પરત્વે તમારા મુદ્દાઓ 'ક ખ ગ' વર્તમાનપત્રના તંત્રીશ્રીને સંબોધીને ચર્ચાપત્ર સ્વરૂપે તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૮ : (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

'વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' (૨૦૧૯)ના સહભાગી તરીકે તમારા અનુભવને વર્ણવતો અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૯ :

આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. (૧૦ ગુણ)

*

Today I complete eighty years of my life. As I look back on the vast stretch of years that lie behind me and see in clear perspective the history of my early development, I am struck by the change that has taken place both in my own attitude and in the psychology of my countrymen -- a change that carries within it a cause of profound tragedy.

Our direct contact with the larger world of men was linked up with the contemporary history of the English people whom we came to know in those earlier days. It was mainly through their mighty literature that we formed our ideas with regard to these newcomers to our Indian shores. In those days the type of learning that was served out to us was neither plentiful nor diverse, nor was the spirit of scientific enquiry very much in evidence. Thus their scope being strictly limited, the educated of those days had recourse to English language and literature. Their days and nights were eloquent with the stately declamations of Burke, with Macaulay's long-rolling sentences; discussions centred upon Shakespeare's drama and Byron's poetry and above all upon the large-hearted liberalism of the nineteenth-century English politics.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

At the time though tentative attempts were being made to gain our national independence, at heart we had not lost faith in the generosity of the English

race. This belief was so firmly rooted in the sentiments of our leaders as to lead them to hope that the victor would of his own grace pave the path of freedom for the vanquished. This belief was based upon the fact that England at the time provided a shelter to all those who had to flee from persecution in their own country. Political martyrs who had suffered for the honour of their people were accorded unreserved welcome at the hands of the English.

- Rabindranath Tagore

પ્રશ્ન : ૧૦ :

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કૂલ ગુણ / TOTAL MARKS: 10 |

સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧૦×૧=૧૦ ગુણ)

૧૦.૧ : રૂઢિપ્રયોગનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૦.૧.૧ પીંછનું પારેવું કરવું

૧૦.૨ : કહેવતનો અર્થ સમજાવો.

૧૦.૨.૧ મણ ભાતને સવામણ કૂસકી

૧૦.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૦.૩.૧ નરકેસરી

૧૦.૪ : પંક્તિનો છંદ ઓળખાવો.

૧૦.૪.૧ રણબંકા નહી કદીયે નાસે નહી દેખાડે રિપુને પીઠ.

૧૦.૫ : અલંકાર ઓળખાવો.

૧૦.૫.૧ આપણી ચેતનાનો ફૂવારો ઉડી શકતો નથી.

૧૦.૬ : શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

૧૦.૬.૧ લગ્ન સમય શરીર પર ચોપડવામાં આવતો પીળો પદાર્થ

૧૦.૭ : શબ્દની જોડણી સુધારો.

૧૦.૭.૧ વૈતૃશણ્ય

૧૦.૮ : વાક્યમાં જોડણીની ભૂલો સુધારો.

૧૦.૮.૧ મારાં કુબડા પૂત્રની ખુંધ તું અંદર બેસાડી આપ.

૧૦.૯ : શબ્દની સંધિ છોડો.

૧૦.૯.૧ ભાવુક

૧૦.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

૧૦.૧૦.૧ આશ્ચર્ય વાક્ય બનાવો | આ ફૂલ સુંદર છે.

Code: DSM 2

Time: 3 Hours Subject: English Max.Marks: 100

Q. 1. Write an essay on any ONE of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.

I. Truth is not just loud noise

II. Climate distress and forced migration.

III. Mega educational companies versus school culture.

IV. Once plastic was considered as a miracle material.

V. Professionals/Civil Servants joining politics.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

Q. 2. Imagine you are a Deputy Section Officer in Women and Child Development Department, Government of Gujarat. The Government wants to effectively implement a recently announced welfare programme at village-level for which regular monitoring would be very important. Your senior officer has sought your opinion about the needful actions for the same. Write a letter, in about 150 words, to your senior officer offering needful suggestions.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 3. Write a report in about 200 words on your recent visit to a trade fair of handicraft items organized by Tribal Department.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 4. Reflect on the following picture with meaningful observations in about 150 words.



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 5. The Revenue Department of the state has organized a one-day statewide online seminar for deputy mamlatdars on the timely disposal of day-to-day applications made by the citizens. Draft a formal inaugural speech, in about 150 words, to be delivered by the honourable Revenue Minister who is the chief guest of the online inauguration function of the program.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Q. 6. Write a precis of the following passage in about one-third of its original length.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Children are society's most precious resource and as such should have the right to have their development and growth enhanced and protected in a safe and nurturing environment. Throughout history and in virtually every culture children have worked, but this has often been within a family context where children were socialized and introduced to many adult skills and responsibilities, both earning status as family and community members, and acquiring skills which promoted their self-esteem and confidence as capable and independent human beings. Working to help their families in ways that are neither harmful nor exploitative may be a reasonable activity; however, many children are forced to perform tasks over long hours that are unacceptable for their stage of development, representing a serious violation of their rights.

Child labour refers to the exploitation of children through any form of work that deprives children of their childhood, interferes with their ability to attend regular school, and is harmful to their development. Specifically, it refers to work that: is mentally, physically, socially or morally dangerous and harmful; interferes with their schooling by depriving them of the opportunity to attend school; obliging them to leave school prematurely; and requiring them to attempt to combine school attendance with excessively long and arduous work.

Although child labour is most often found in countries with lower socio-economic resources, it also occurs in developed countries. The latest global estimates indicate that around 152 million children are engaged in child labour. The rate of reduction in child labour has slowed by two-thirds in the most recent four-year period. According to a report, a significant share of child labour and human trafficking occurs at their lower tiers, in activities such as raw material extraction and agriculture. This makes identification and tracking of cases challenging.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 7. Read the following passage carefully and answer the questions that follow:

5 x 2 = 10

Hepatitis is an inflammation of the liver that is caused by a variety of infectious viruses and non-infectious agents leading to a range of health problems, some of which can be fatal. There are five main strains of the hepatitis virus, referred to as types A, B, C, D and E. While they all cause liver disease, they differ in important ways including modes of transmission, severity of the illness, geographical distribution and prevention methods. In particular, types B and C lead to chronic disease in hundreds of millions of people and together are the most common cause of liver cirrhosis, liver cancer and viral hepatitis-related deaths. An estimated 354 million people worldwide live with hepatitis B or C, and for most, testing and treatment remain beyond reach.

Some types of hepatitis are preventable through vaccination. A WHO study found that an estimated 4.5 million premature deaths could be prevented in low- and middle-income countries by 2030 through vaccination, diagnostic tests, medicines and education campaigns. WHO's global hepatitis strategy, endorsed by all WHO Member-States, aims to reduce new hepatitis infections by 90% and deaths by 65% between 2016 and 2030. Many people with hepatitis A, B, C, D or E exhibit only mild symptoms or no symptoms at all. Each form of the virus, however, can cause more severe symptoms. Symptoms of hepatitis A, B and C may include fever, malaise, loss of appetite, diarrhea, nausea, abdominal discomfort, dark-coloured urine and jaundice. In some cases, the virus can also cause a chronic liver infection that can later develop into cirrhosis or liver cancer. These patients are at risk of death.

Questions:

I. How the strains of hepatitis virus differ from one another?

II. How can hepatitis be prevented?

III. What is the role of WHO?

IV. What types of symptoms can hepatitis virus cause?

V. Give a suitable title to the passage.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

Q. 8. Do as directed: 15 x 1 = 15

Choose the correct answer from the given options and darken the circle ( ● ) as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per the sample given below.

Sample Answer : ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○ (E) ○

1. She ____ her driving test five times so far without success, but she ____, yet.

   A. takes / isn't giving up

   B. has taken / hasn't given up

   C. was taking / didn't give up

   D. is taking / doesn't give up

   E. took / wasn't giving up

2. I ____ glasses when I was younger, but now I ____ contact lenses.

   A. was wearing / have had

   B. have worn / am having

   C. have been wearing / had

   D. wear / was having

   E. wore / have

3. God helps those who help themselves. *(Change the voice)*

   A. Those who help themselves help God.

   B. Those who help God help themselves.

   C. Those who are helped by themselves are helped by God.

   D. Those who help themselves are helped by God.

   E. None of the above.

4. Kiran asked me, “Did you see the cricket match on television last night?”

   A. Kiran asked me whether I saw the cricket match on television the earlier night.

   B. Kiran asked me whether I had seen the cricket match on television the earlier night.

   C. Kiran asked me did I see the cricket match on television last night.

   D. Kiran asked me whether I had seen the cricket match on television last night.

   E. None of the above.

5. I was doubtful whether she would come. *(Transform the sentence into a negative sentence without changing its meaning)*

   A. I was sure that she would come.

   B. I was not sure that she would come.

   C. I was not doubtful whether she would come.

   D. I was doubtful whether she would not come.

   E. None of the above

6. Since ____ seems eager to give me a hand with these, I have no other choice but to do ____ by myself.

   A. something / everywhere

   B. someone / anything

   C. no one / everything

   D. anybody / nowhere

   E. nothing / something

7. She has an aptitude ______ Biology.

A. to

B. of

C. for

D. about

E. if

8. Can you ____ how to use these tools?

A. get around

B. give up

C. turn down

D. set out

E. figure out

9. Do you know when World War II ____?

A. broke off

B. broke through

C. broke in

D. broke down

E. broke out

10. The university will have to *shelve* its plans for expansion in view of present situation. *(Choose the correct meaning of the underlined expression)*

A. improve

B. Discuss

C. Reconsider

D. Postpone

E. amend

11. Choose the synonym of ‘debacle’.

    A. fiasco

    B. miracle

    C. Defeat

    D. Disgrace

    E. insult

12. Choose the correct antonym of ‘kith’.

    A. stranger

    B. acquaintance

    C. son

    D. relative

    E. colleague

13. Choose the one word substitution for ‘one who is indifferent to pains and pleasures in life’.

    A. Stoic

    B. Sadist

    C. Psychiatrist

    D. Aristocrat

    E. Psychologist

14. This charity ____ provides emergency relief ______ teaches people practical skills to help avoid future catastrophes.

    A. such / that

    B. whether / or

    C. both / so

    D. rather / than

    E. not only / but also

15. They took blood from my ____.

    A. vane

    B. vein

    C. vain

    D. vaine

    E. veine

9. Translate the following passage from Gujarati to English:

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

ઉત્તમ નિર્ણય શક્તિ અને મજબૂત મનોબળ ધરાવતા એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર પટેલ મતભેદોને વેગળા રાખીને સમાનતાની ભાવના પૂરી પાડે છે. સરદાર પટેલને તેમના સાહસિક કાર્યો અને દ્રઢ ઈરાદાઓને કારણે લોહપુરુષ તથા સરદારના ઉપનામથી ઓળખવામાં આવે છે. સરદાર પટેલ માત્ર સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે જ નહિ, પરંતુ તેમણે આઝાદી પહેલા દેશમાં ચાલી રહેલા અનેક સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કર્યું હતું. તેમજ પ૬૨ રજવાડાઓનું ભારત દેશમાં વિલીનીકરણ કરી નવીન અને અખંડ ભારતના નિર્માતા રહ્યા છે

સરદાર પટેલની મુખ્ય લાક્ષણિકતા એ હતી કે, તેઓ આંખોથી સામે વાળી વ્યક્તિનુ મૂલ્યાંકન કરતા હતા, તેઓને શબ્દોની જરૂર નહોતી પડતી. સરદાર પટેલ બીજાની વાત સાંભળ્યા પછી જ પોતાની વાત રજુ કરતા હતા. તેઓ સ્વયં શિસ્તનુ પાલન કરતા પછી જ અન્યને નિયમ પાળવાનુ કહેતા હતા. તેઓએ ક્યારેય સત્તાની લાલચ રાખી નહોતી. મન, તન અને ધનની પારદર્શકતાનું ઉત્તમ ઉદાહરણ એટલે સરદાર સાહેબ. ભારતની અખંડતા મજબૂત બને અને દેશ શ્રેષ્ઠ બને તે માટે તેમણે સ્વપ્ન જોયું હતું.

વિષય કોડ : DSM-3

સામાન્ય અભ્યાસ–1

ગુણ-100 સમય : 3 કલાક

(1) પ્રશ્નક્રમાંક : 1 થી 10

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.

પ્રશ્ન : 1. પ્રાચીન સમયમાં ભારત અને ચીન વચ્ચેના વિવિધ આદાનપ્રદાનમાં ચીની યાત્રાળુઓએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. - ટિપ્પણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 2. ભારતીય રાષ્ટ્રવાદના ઉદયમાં અખબારો અને વિવિધ સંગઠનો કેવી રીતે મદદરૂપ થયા તે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 3. સોલંકી કાળ દરમ્યાન સ્થાપત્ય-સ્વરૂપમાં નાગરશૈલીનો પૂર્ણ વિકાસ સધાયો. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 4. 'લાંબો સમુદ્રતટ ધરાવતા ગુજરાતની લોકસંસ્કૃતિના ઘડતરમાં વિવિધ પ્રજા અને પ્રદેશસમૂહો (Regional Groups) નું આગવું યોગદાન છે.' - આ વિધાનની સાર્થકતા તપાસો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 5. ગુજરાતમાંથી મળી આવેલાં ખનીજોએ રાજ્યના ઝડપી ઔદ્યોગિક વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 6. વર્ષ 2050 સુધીમાં નેટ-ઝીરો (Net-Zero) કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ભારતે કયા પ્રકારના પગલાંઓ લેવાની જરૂર છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 7. શું ભારતે તેની વધતી જતી ઊર્જા જરૂરીયાતોને પહોંચીવળવા માટે પરમાણુ ઊર્જા કાર્યક્રમનું વિસ્તરણ ચાલુ રાખવું જોઈએ ? પરમાણુ ઊર્જા સાથે સંકળાયેલા તથ્યો અને જોખમોની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 8. અવકાશમાં પોતાનું ‘સ્પેસ સ્ટેશન’ બનાવવાની ભારતની શું યોજના છે ? તેનાથી આપણાં અંતરિક્ષ કાર્યક્રમને શું ફાયદો થશે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 9. આર્થિક વિકાસને વેગ આપવા તેમજ રોજગારીની વધુ તકો સર્જવા માટે સરકાર દ્વારા તાજેતરમાં ‘એસેટ મોનેટાઈઝેશન’ (Asset Monetisation) લગત નિર્ણય લેવામાં આવ્યો છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 10. તાજેતરમાં ભારત સરકારે સમગ્ર દેશમાં “પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન”ની શરૂઆત કરી છે. તેના મહત્વ અને પ્રસ્તુતતાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

વિષય કોડ : DSM-4

સામાન્ય અભ્યાસ–2

ગુણ-100 સમય : 3 કલાક

(1) પ્રશ્નક્રમાંક : 1 થી 10

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.

પ્રશ્ન : 1. ભારતના બંધારણના અનુચ્છેદ-22 ના બે ભાગ છે. પ્રથમ ભાગ સામાન્ય કાયદા બાબતના કિસ્સાઓને લગતો છે અને બીજો ભાગ નિવારક અટકાયતના કિસ્સાઓને લગતો છે. - મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 2. બંધારણ કેન્દ્ર અને રાજ્યોમાં નિહિત ધારાકીય સત્તાઓ (Legislative Powers) ની પ્રાદેશિક સીમાઓ (Territorial Limits) ને વ્યાખ્યાયિત કરે છે. આ વિધાનને સંસદના પ્રાદેશિક અધિકારક્ષેત્ર (Territorial Jurisdiction) પરના અંકુશો (Restrictions) ના સંદર્ભ સાથે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 3. અનુચ્છેદ-352 હેઠળ રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભે સંસદીય મંજૂરી અને તેની મુદત બાબતે વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 4. છેલ્લાં એક દાયકામાં લાવવામાં આવેલાં ચૂંટણી વિષયક સુધારાઓની વિગતવાર ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 5. પરિપક્વ લોકશાહી હોવા માટે પરિપક્વ મતદારો આવશ્યક છે. - ઉદાહરણસહ સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 6. જ્યાં સુધી વિષયો અને સેવાઓને લાગુ પડે છે ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીની ભૂમિકા લગભગ રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેટલી વિશાળ હોય છે. - ઉદાહરણસહ ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 7. સચિવાલય કાર્યપધ્ધતિમાં નાયબ સેક્શન અધિકારીની કક્ષાએથી મૂકવામાં આવતી નોંધ આખરી નિર્ણયમાં પરિણમતી હોય છે. આ સંદર્ભે વહીવટી પ્રક્રિયાને નિયમબધ્ધ અને નૈતિક બનાવવામાં નાયબ સેક્શન અધિકારીની ભૂમિકાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 8. ગુજરાત સરકારની હાથશાળ સઘન વિકાસ યોજના (Intensive Handloom Development Programme)ના ઉદ્દેશો અને મહત્વની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 9. વૃધ્ધિ, ટકાઉપણું અને એકંદર વિકાસ ફક્ત સમાવેશી વૃધ્ધિ વ્યવહારો (inclusive growth practices) મારફતે જ હાંસલ કરી શકાય છે. - ઉદાહરણસહ સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 10. સામાન્ય માનવી માટે પોતાની માલિકીનું ઘર હોવું એ સામાજીક વિકાસનો એક મુખ્ય દરજ્જો છે, આ હાંસલ કરવા માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલ પહેલ અને પગલાંઓ સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10